મન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો

(1) અહીં પાઠમાં 'વિદ્યાધિકારી' એટલે ...

(ક) શિક્ષણના અધિકારી

(ખ) વિદ્યાના અધિકારી

(ગ) પંડિત

(ઘ) સરકારી અધિકારી

(2) અહીં પાઠમાં તે સૂરજની ગતિ શાલા તરફ વધતી જતી એટલે ...

(ક) સૂરજ શાળા તરફ જતો હતો.

(ખ) શાળાનો સમય થતો જતો હતો.

(ગ) સૂરજ શાળાએ જવા દોડતો હતો.

(ઘ) સૂરજ ભણવામાં હોશિયાર થતો જતો હતો.

(3) 'પેપર લઈને મંડી પડ્યો' – મહાદેવ વિશે તમે શું વિચારો છો?

(ક) ગપ્પા મારવા લાગ્યો.

(ખ) કોઈ કોના માંથી જોઈને લખવા જ લાગ્યો.

(ગ) તેને ઘણું આવતું હશે.

(ઘ) ચોપડી માંથી જોઈને લખવા લાગ્યો.

(4) 'પરીક્ષા' વાર્તાના લેખકનું નામ જણાવો.

(ક) પ્રવીણ દરજી

(ખ) પન્નાલાલ પટેલ

(ગ) ધૂમકેતુ

(ઘ) કાકા કાલેલકર

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) શાળાએ જતા છોકરાઓ શાળા વિશે વાત કરતા જતા હતા?

ઉત્તર : શાળાએ જતા છોકરાઓ પરીક્ષા વિશે, શિષ્યવૃત્તિ વિશે તેમજ પહેલો નંબર લાવવા વિશે વાત કરતા જતા હતા.

(2) પરીક્ષામાં પાસ થવા વિશે મહાદેવ શો વિશ્વાસ હતો?

ઉત્તર : પરીક્ષામાં પાસ થવા વિશે મહાદેવ વિશ્વાસ હતો કે પોતે પ્રથમ નંબરે આવશે તેમજ તેને પંદર રૂપિયા માસિક શિષ્યવૃત્તિ મળશે.

(3) મહાદેવ અને તેના મિત્રો શું જોઈ અટકી ગયા?

ઉત્તર : મહાદેવ અને તેના મિત્રો ખેતરમાં લચી રહ્યા ઘઉંના મોલમાં ગાયને ચરતી જોઈને અટકી ગયા,

(4) ઇન્સ્પેક્ટરને મહાદેવની આંખમાં શું દેખાયું?

ઉત્તર : ઇન્સ્પેક્ટરને મહાદેવની આંખમાં આંસુની જગ્યાએ માનવતાની સરવાણી વહેતી દેખાઈ

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં આપો :

(1) મહાદેવે નારજીકાકા તથા ખુશામાના ખેતરમાંથી શું વિચારીને ગાયને હાંકી કાઢી?

ઉત્તર : નાગજી કાકા ખૂબ ગરીબ હતો અને આ ખેતર જ એમનો એક માત્ર આધાર હતો, ખુશાલેમાને હળ હાંકનાર કોઈ નહોતું, બીજાને હળ માંગી લાવીને તેમણે ખેતર વાવ્યું હતું. ગાય એના ખેતરોનો પાક ખાઈ જાય તો એમને ખૂબ નુકસાન થાય તેમ હતું. એવો વિચાર કરીને મહાદેવે એમના ખેતરમાંથી ગાયને હાંકી કાઢી.

(2) "ઘઉં-ચણાના મોલ ઉપર સૂર્ય સોનુ છાંટવા લાગ્યો' એટલે શું?

ઉત્તર: ઘઉં ચણાના મોલ તૈયાર થવાના સમયે તે સોનેરી બની જાય છે. ઊગતા સૂર્યના કિરણો પર સોનેરી હોય છે, એટલે સૂર્ય ઊગતા એનાં સોનેરી કિરણો ઘઉં-ચણાના મોલ પર પડે છે તેથી આખું ખેતર સોનેરી બની ચમકિ ઊઠે છે. જાણે ખુદ સુર્ય ખેતર પર સોનું છાંટી રહ્યો હોય ! આમ, મોલ ઉપર સૂર્ય સોનું છાંટતો હોય તેવું દ્રશ્ય ઊભું થાય છે.

(3) ગાય કોના કોના ખેતરમાંથી પસાર થઈ?

ઉત્તર : ગામ સૌથી પહેલાં મહાદેવના માસીના ખેતરમાં પેઠી, પછી કાકાના ખેતરમાં, નાનજીકાકાના ખેતરમાં, શંકાના ખેતરમાં, મહાદેવના પોતાના ખેતરમાં અને છેલ્લે ખુશાલમાના ખેતરમાંથી પસાર થઈ.

(4) ઇન્સ્પેક્ટરે મોડા પડ્યા મહાદેવ શા માટે પરીક્ષામાં બેસવા દીધો.

ઉત્તર : મહાદેવ ખેતરમાં ભેલાણ કરી અને ઘઉંના મોલનો કાપલો કાઢી નાખતી ગાયને હાંકી કાઢવા ગયો, તેથી તે પરીક્ષામાં મોડો પડ્યો હતો, પણ ઇમાનદારીના પરીક્ષામાં તો પાસ થયો હતો. મહાદેવની આંખોમાં વહી રહેલા માનવતાની સરવાણી જોઈને ઇન્સ્પેક્ટરે તેને પરીક્ષામાં બેસવા દીધો.

સ્વાધ્યાયના પ્રશ્નોત્તરી

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) તમે પરીક્ષા આપવા જઈ રહ્યા છો અને રસ્તા ઉપર અકસ્માતથી ઘાયલ થયેલ કોઈ વ્યક્તિને જુઓ તો તમે શું કરશો?

ઉત્તર : હું પરીક્ષા આપવા જતો હોઉંને રસ્તા ઉપર અકસ્માતથી ઘાયલ થયેલ કોઈ વ્યક્તિને જોઉં તો એને પહેલાં તો સલામત જગ્યાએ લઈ જઉં, મદદ માટે બીજા લોકોને બોલાવું. તાત્કાલિક સારવાર મળે તે માટે 108 એમ્બ્યુલન્સ બોલાવું. એની પાસેથી એના ઘરનો નંબર મળે, તો એના ઘરના માણસો ઘટનાસ્થળે બોલાવું

(2) ઇન્સ્પેક્ટર મહાદેવની માનવતા સમજી મોડો હોવા છતાં એને પરીક્ષામાં બેસવા દીધા. પરંતુ ઇન્સ્પેક્ટર આ બાબત ન સમજીને તેને પરીક્ષામાં બેસવા ? દીધો હોય તો શું થાય? તેને મહાદેવનો નિર્ણય સાચો લાગે છે ? શા માટે?

ઉત્તર : મહાદેવના મોડો પડ્યો હતો, છતાં માનવતા ખાતર ઇન્સ્પેક્ટરે મહાદેવ પરીક્ષામાં બેસવા દીધો, જો ઇન્સ્પેક્ટરે મહાદેવ પ્રત્યે માનવતા બતાવી ન હોત અને તેને પરીક્ષામાં બેસવા ન દીધો હોત; તોપણ એને હરાઈ ગાયને પાકથી ઉભરી ખેતરમાંથી હાંકી કાઢ્યા સંતોષ થાય.

મહાદેવે પરીક્ષામાં મોડું પડવાની ચિંતા છોડીને ગાયને ખેતરમાંથી કાઢવાનો જે નિર્ણય લીધો તે મને સાચો લાગે છે, કારણ કે મહાદેવમાં બીજાને થતું નુકસાન રોકવાનો, પરોપકારનો ગુણ છે. એના સદગુણથી તે જીવનની પરીક્ષામાં પાસ થયો છે.

(3 ) પાઠમાં ઉત્તર ગુજરાતની બોલીના કેટલાક શબ્દો છે. જે-તે વિસ્તારની બોલીમાં આ શબ્દપ્રયોગ હોય છે. તમારા વિસ્તારની બોલી આવા શબ્દો શોધી કાઢો અને લખો.

ઉત્તર : મારા વિસ્તારની કાઠિયાવાડી બોલીના કેટલાક શબ્દો :

‘અટાણે’ - અત્યારે;

‘કેદૂનાં’ - ક્યારનાંય;

‘ગગા' – દીકરા;

'નકરું – માત્ર;

‘ઓરો' – પાસે;

'મૌર્ય' – પહેલા;

'મેળો' – સાથે;

‘વીવા’ – લગ્ન;

'કળશો’ – લોટો;

‘કઈરું’ - કર્યું,

‘વયો ગિયો’ – જતો રહ્યો

(4) નીચેના ફકરામાં વાક્ય બંધબેસતું થાય તેવા પાઠમાં વપરાયેલા શબ્દો સિવાયનો સમાનાર્થી શબ્દોનો ઉપયોગ કરી ફકરો ફરીથી લખો:

ઉત્તર : પણ પોતાનો શેઢો **ઓળંગ્યો** ત્યાં જ એનો **ભીરુ** જીવ રડી ઊઠ્યો : ‘આ તો પેલાં ખુશાલમાનું ખેતર આવ્યું ! એમને કોઈ હળ હાંકનાર તો છે નહિ ને ગામમાંથી લોકોના હળ માગીને આટલું ખેતર વવરાવ્યું છે. એટલેથી **નસાડી** લાવી. **કાઢી કાઢીને** ખુશાલમાના ખેતરમાં જ **કાઢવી** ? અને દયાળુ મહાદેવ રડતો ગયો, માથા ઉપર આવવા કરતા **સૂર્ય** સામે જોતો ગયો અને **તગડી** ગામના **મારતો** ગયો.

* આમ કરવાથી શો ફેર પડે છે? તમને આ ફકરો ગમે છે કે પાઠમાં વપરાયેલા શબ્દો વાળો? શા માટે? સરખામણી કરો.

સરખામણી : આમ કરવાથી ભાષાની સુંદરતા ઓછી થઈ જાય છે. પાઠમાં વપરાયેલા શબ્દોના સમાનાર્થી શબ્દોનો ઉપયોગ કરીને લખેલો ફકરો મને નથી ગમતો. મને પાઠ માં વપરાયેલા શબ્દો વાળો ફકરો ગમે છે, કારણ કે પાઠમાં વપરાયેલા શબ્દો અર્થ અને ભાવને સરળ, સચોટ તેમજ યોગ્ય રીતે રજૂ કરે છે.

(5) નીચેનો ફકરો વાંચો. વિરામ ચિહ્નો વિના મને તો અધુરો લાગે છે? ઉચિત જગ્યાએ યોગ્ય વિરામચિહ્નો મૂકો અને ફરી વાંચો..

ઉત્તર : વિરામચિહ્નો વિના ફકરો વાંચવાથી, વાક્યના અર્થ કે ભાવ સમજવામાં તકલીફ પડે છે. ઉચિત વિરામચિહ્નો વાળા ફકરો નીચે પ્રમાણે છે :

ગામ તરફ એણે નજર દોડાવી, દૂર કોઈ માણસને જોયું. બૂમ પાડીને કહેવા લાગ્યો : ‘એ મારી માસીને ત્યાં કહેજો કે ગાય –' વળી થયું : 'ક્યારે આવો ને ક્યારે હાકશે ? એટલામાં તો કાપલો કાઢી નાખશે ને !' મહાદેવે શંકા સાથે દફતર ધર્યું, ‘લે ને શંકા. ગાયને હું હાંકતો આવું.

'શંકાએ દફતર દીધું. યાદ આપ્યું : 'તમારે ત્યાં પરીક્ષા છે ને '

(6) આ પાઠમાં મહાદેવે ગાયને બીજા કોઈના ખેતરમાં ન મૂકી અને તેને છેક ગામ સુધી મૂકી આવ્યો, એ તમને ગમ્યું? શા માટે?

ઉત્તર : મહાદેવ ગાયને છેક ગામ સુધી મૂકી આવ્યો તે મને ગમ્યું, કારણ કે મહાદેવે ગાયને વચ્ચે જ્યાં છોડી દીધી હોત, તો તે ફરીથી કોઈના ખેતરમાં ઘૂસીને પાકને નુકસાન કરત. મહાદેવે માનવતા ભર્યું કામ કર્યું તેથી મને એનું કામ ગમ્યું.

(7) ઇન્સ્પેક્ટર સાહેબ નો કયો ગુણ તમને ગમ્યો? શા માટે?

ઉત્તર : ઇન્સ્પેક્ટર સાહેબે પરીક્ષાનો સમય કરતાં, મહાદેવ જે માનવતાનું કામ કર્યું એને વિશેષ મહત્વ આપ્યું. મને ઇન્સ્પેક્ટર સાહેબનો માનવતાના ગુણ ગમ્યો, કારણ કે જો અમલદારો ગુણવાન હશે તો તેમના હાથ નીચે કામ કરનારા કર્મચારીઓ પણ સારા બનશે.

(8) નીચેના વાક્યો ને બદલે પાઠમાં વપરાયેલા વાક્યો લખો :

(1) દરરોજ સરળતા થી થતું કામ પ્રસંગ આવે ન થાય.

પાઠ : આડે દિવસે દોડે ને દશેરાએ ઘોડું નય દોડે

(2) જોઈએ છીએ, પરિણામ બહુ દૂર નથી.

પાઠ : જોઈએ છીએ, મામાનું ઘર કેટલે, દિવો બળે એટલે.

(3) ગાય ખેતરમાં પાકને ઘણું નુકસાન કરશે.

પાઠ : ગાય ખેતરમાં કાપલો કાઢી નાખવાની !

(4) ગામની આબરૂ સચવાશે.

પાઠ : આપણા ગામનું નાક રહેશે.

પ્રશ્ન 2. નીચેના શબ્દો મોટેથી વાંચો :

છઠ્ઠ, ઘોડું, ઇન્સ્પેક્ટર, ઉંબી, શિષ્યવૃત્તિ, ઘઉં